GJBT010012342019

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ તારીખ | ૦૩–૦૭–૧૯ | | |
| દાખલ તારીખ | ૦૩–૦૭–૧૯ | | |
| અવધિ | ૨૪–૦૭–૨૬ | | |
| ફેંસલ તારીખ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૭ | ૦૦ | ૨૪ |

**–: <u>ફોર્મ – એ</u> :–**

## બોટાદ જીલ્લા અદાલતના મહેરબાન સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં.
## તા. જી. બોટાદ.

**જજમેન્ટ જાહેર કર્યા તા. ૨૪–૦૭–૨૦૨૬**

**સ્પે. ઈલેક્ટ્રીસીટી કેસ નં. ૧૪/૨૦૧૯**

**પોલીસ સ્ટેશનઃ–** ભાવનગર P.G.V.C.L.સેકન્ડ ગુના રજી. નં. ૧૩૬૨/૨૦૧૮.

**આંક–૬૪**

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર.**

ફરીયાદી તરફે વિદ્વાન પી.પી.શ્રી–કે.એમ.મકવાણા.

વિરૂધ્ધ

**આરોપીઃ–** **પાંચાભાઈ રાજાભાઈ ભરવાડ,**
ઉ.વ.આ. ૩૦, ધંધો – માલઢોર,
રહે. ખાંભડા, તા.બરવાળા, જી.બોટાદ.

**આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી – બી.જે.ગોહિલ.**

---

**–: <u>ફોર્મ – બી</u> :–**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | તા.૧૬–૦૨–૨૦૧૮ |
| એફ.આઈ.આર.ની તારીખ | તા.૧૬–૦૨–૨૦૧૮ |

| | |
|---|---|
| ચાર્જશીટ દાખલ થયા તારીખ | તા.૦૩–૦૭–૨૦૧૯ |
| તહોમતનામુ ફરમાવ્યાની તારીખ | તા.૦૩–૦૫–૨૦૨૩ |
| પુરાવો નોંધવાનું શરૂ કર્યાની તારીખ | તા.૨૮–૦૮–૨૦૨૫ |
| હુકમ ઉપર રાખ્યાની તારીખ | તા.૨૪–૦૭–૨૦૨૬ |
| હુકમ જાહેર કર્યાની તારીખ | તા.૨૪–૦૭–૨૦૨૬ |
| સજા અંગેનો હુકમ જાહેર કર્યા તારીખ, જો હોય તો | – |

## –: આરોપીની વિગત :–

| | |
|---|---|
| આરોપીનો ક્રમઃ– | **૧** |
| આરોપીનું નામઃ– | **પાંચાભાઈ રાજાભાઈ ભરવાડ** |
| ધરપકડ કર્યા તારીખઃ– | તા.૦૮–૦૫–૨૦૧૯ |
| જામીન મુક્ત કર્યા તારીખઃ– | તા.૨૦–૦૯–૨૦૨૩ |
| કયો ગુનો નોંધાયેલોઃ– | ધી ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ |
| છોડી મુકેલ કે સજા કરેલઃ– | છોડી મુકેલ |
| સજા કર્યાની વિગતોઃ– | – |
| ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ અન્વયે ન્યાયિક કાર્યવાહી દરમ્યાન જેલમાં રહ્યાનો સમયગાળોઃ– | – |

## –: ફોર્મ – સી :–

ફરીયાદપક્ષ / આરોપીપક્ષ / અદાલતે તપાસેલા સાહેદોની યાદી

**એ –** ફરીયાદપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદીઃ–

| **ફરીયાદી તરફે સાહેદ નં.** | **આંક** | **સાહેદનું નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|---|
| ૧. | ૩૬ | મનિષકુમાર મુળજીભાઈ પરમાર | ફરિયાદી |
| ૨. | ૪૪ | હિતેશભાઈ કરશનભાઈ ગડારા | સાહેદ |
| ૩. | ૪૭ | જતીનભાઈ લક્ષ્મણભાઈ વાલોદરા | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૪. | ૪૯ | ઈન્દ્રસિંહ ભગવતસિંહ વાઘેલા | ત.ક.અધિકારી |

**બી –** આરોપીપક્ષે તપાસેલ સાહેદોના પુરાવાની યાદીઃ–

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

**સી –** અદાલતે તપાસેલા સાહેદોના પુરાવાની યાદીઃ–

| **સાહેદ નં.** | **સાહેદનુ નામ** | **સાહેદની કામગીરી** |
|---|---|---|
| – | – | – |

<u>ફરીયાદપક્ષ/આરોપીપક્ષ/અદાલતે દસ્તાવેજી પુરાવાઓને આપેલા નંબર</u>

**એ –** ફરીયાદપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| ૧. | ફ.આંક–૩૭/ફ. સા. ૧ | ફરીયાદ. |
| ૨. | ફ.આંક–૩૮/ફ. સા. ૧ | પુરવણીબીલના નાણા ભરવા ફરિયાદીને આપેલ નોટીસ. |
| ૩. | ફ.આંક–૩૯/ફ. સા. ૧ | કેલ્ક્યુલેશન શીટ. |
| ૪. | ફ.આંક–૪૦/ફ. સા. ૧ | વિજ જોડાણ તપાસણી અહેવાલ. |
| ૫. | ફ.આંક–૪૫/ફ. સા. ૨ | સ્થળ રોજકામ. |
| ૬. | ફ.આંક–૫૦/ફ. સા. ૩ | તપાસ સંભાળવા બાબતની પોલીસ યાદી. |
| ૭. | ફ.આંક–૫૧/ફ. સા. ૩ | સી.આર.પી.સી.કલમ – ૪૧(૧) ની નોટીસ. |
| ૮. | ફ.આંક–૫૨/ફ. સા. ૩ | એનેક્ષર–૧૧. |
| ૯. | ફ.આંક–૫૩/ફ. સા. ૩ | વિજ તપાસણી અહેવાલ. |
| ૧૦. | ફ.આંક–૫૪/ફ. સા. ૩ | સ્થળ રોજકામ. |
| ૧૧. | ફ.આંક–૫૫/ફ. સા. ૩ | એનેક્ષર–૪. |

**બી –** આરોપીપક્ષ દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|

| | | |
|---|---|---|
| – | – | – |

**સી –** અદાલત દ્વારા આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | – | – |

**ડી –** વધારાના આપવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓને આંકની યાદીઃ–

| **ક્રમ** | **આંક** | **વિગત** |
|---|---|---|
| – | – | – |

## –: ચુકાદો :–

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

ગઈ તા.૧૬/૦૨/૨૦૧૮ ના રોજ આ કામના આરોપી પોતે વીજ કંપનીના ગ્રાહક ન હોવા છતાં બીન અધીકૃત રીતે પોતાના ઘર વપરાશનું વીજ જોડાણ ગેરાયદેસર રીતે વીજ થાંભલા પરથી ડાયરેક્ટ જોડાણ કરી, ૧૬૦ વોટ લોડ જોડી રૂ.૨૬૭૫.૫૦ પૈસા ની વીજ ચોરી કરી શિક્ષાપાત્ર ગુનો કરેલો છે. જે અંગેની ફરીયાદ પી.જી.વી.સી.એલ., ભાવનગર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુના રજીસ્ટ્રેશન નં. ૧૩૬૨/૧૮ ના કામે ધી ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ–૧૩૫ મુજબ તા.૧૬/૦૨/૨૦૧૮ ના રોજ નોંધેલી છે.

**૨.)** જે ફરીયાદ અંગે તપાસ કરનાર અમલદારે તપાસ કરેલી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઇ, જરૂરી દસ્તાવેજી પુરાવાઓ એકઠા કરી આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ બરવાળાના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં કરેલું. જે ફોજદારી કેસ નં. ૮૦/૨૦૧૯ થી દાખલ થયેલો. ત્યારબાદ સદરહું કેસ ચલાવવાની જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટ, બરવાળાને હકુમત ન હોય, સદરહુ કેસનું તમામ પ્રોસીડીંગ્સ અને તેની ન્યાયિક કાર્યવાહી કરવા સારૂ અત્રેની સ્પેશીયલ કોર્ટમાં ટ્રાન્સફર થતાં સદર કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

## –: અત્રેની અદાલત સમક્ષની કાર્યવાહી :–

આ કામે આરોપીને સમન્સ નોટીશ બજતાં આરોપી નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. જેથી તેને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની વીનામુલ્યે નકલો આપ્યાની ખાત્રી કર્યા બાદ આરોપી વિરૂધ્ધ આંક–૧૩ થી તહોમતનામુ ફરમાવેલું. જે તહોમતનામા સબબ આંક–૧૪ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો. જેથી આરોપી વિરૂધ્ધ ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**૩.)** આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ ફરીયાદપક્ષે ઉપરોક્ત કોષ્ટકમાં જણાવ્યા મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

**૪.)** ઉપરોક્ત વિગતે ફરીયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા અંગે આંક–૫૬ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેતાં તેઓ જણાવે છે કે, તેઓ તદ્દન નિર્દોષ માણસ છે. તેઓએ આવો કોઈ ગુન્હો કરેલ નથી જેથી તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે. તેમજ આરોપીએ બચાવના કોઇ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ છે.

## –: ઉભયપક્ષની દલીલો :–

**૫.)** ત્યારબાદ ફરીયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૪ હેઠળ વિદ્વાન પી.પી.શ્રી કે.એમ.મકવાણા અને બચાવપક્ષે આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી બી.જે.ગોહિલની દલીલો સાંભળી. જે ધ્યાને લીધી.

**૫.૧)** ફરીયાદપક્ષે વિદ્વાન પી.પી.શ્રી કે.એમ.મકવાણાએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપી વીજકંપનીના ગ્રાહક ન હોવા છતાં વીજ કંપનીની વીજલાઇનમાં ગેરકાયદેસર રીતે સીધુ વીજજોડાણ મેળવી, રૂ.૨૬૭૫.૫૦ પૈસાની વીજચોરી કરી, શિક્ષાપાત્ર ગુનો કરેલો છે. આમ,

ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં દર્શાવેલ પુરેપુરી સખત સજા કરવી જોઇએ તેવી ભારપુર્વકની રજુઆત કરેલ છે.

**પ.ર)** જ્યારે બચાવપક્ષના વિદ્ધાન વકીલશ્રી બી.જે.ગોહિલ દ્ધારા બચાવ રજુ કરેલ છે કે, ફરીયાદપક્ષે તપાસેલા તમામ સાહેદો સરકારી સાહેદો છે. આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલાં નથી. જેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. કોઇ સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષને સમર્થનકારી પુરાવો રજુ થયેલ નથી. આરોપીને આ ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે અને ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**૬.)** સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧.) શું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, ગઈ તા.૧૬/૦ર/ર૦૧૮ ના રોજ આ કામના આરોપી પોતે વીજ કંપનીના ગ્રાહક ન હોવા છતાં બીન અધીકૃત રીતે પોતાના ઘર વપરાશનું વીજ જોડાણ ગેરાયદેસર રીતે વીજ થાંભલા પરથી ડાયરેક્ટ જોડાણ કરી, ૧૬૦ વોટ લોડ જોડી રૂ.ર૬૭પ.પ૦ પૈસાની વીજ ચોરી કરી ધી ઈલેક્ટ્રીસીટી એક્ટ, ર૦૦૩ ની કલમ–૧૩પ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**ર.)** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**૧.) નકારમાં**

**ર.) આખરી હુકમ મુજબ.**

ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબ છે.

## –: કારણો :–

**૭.)** હાલ ઉપરના કેસનો નિર્ણય કરતા ઉલ્લેખનીય છે કે, ભારતીય ફોજદારી ન્યાયપ્રણાલીમાં બંધારણ દ્વારા આપવામાં આવેલા અનુચ્છેદ–૨૦ અંતર્ગત મળેલા મૂળભૂત અધિકારને લક્ષ્યમાં રાખીને જ ફોજદારી કાર્યવાહીને અનુસરવાની રહે છે. તેથી જ પુરાવાના કાયદાની કલમ–૧૦૧ થી ૧૧૪ ની જોગવાઈઓ પુરાવાના નિયમ તરીકે લાગુ પડતી હોવા છતાં એડવર્સરીયલ (Adversarial) ફોજદારી ન્યાયપ્રક્રિયાને અનુસરી નિઃશંકપણે પુરવાર કરવાના સિદ્ધાંતને સ્વીકૃત કર્યો છે. તેથી જ ફોજદારી કેસોમાં પુરાવાનો બોજો હંમેશાં ફરિયાદપક્ષ ઉપર જ રહેલો છે, એ મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઈએ. જ્યાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય, ત્યાં સુધી તે નિર્દોષ હોવાનું અનુમાન અદાલતે કરવું જોઈએ.

વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવો જોઈએ. ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવાથી આરોપી વિરૂદ્ધ આક્ષેપિત તહોમત પુરવાર થાય છે કે કેમ? તે બાબત અદાલતે નિર્ણિત કરવાની છે.

આથી, ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં ઉપર જણાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કર્યા છે તેનું ઝીણવટભરી રીતે તુલનાત્મક મૂલ્યાંકન કરી કેસના નિર્ણય ઉપર પહોંચવાનું રહે છે.

૮.) ફરીયાદપક્ષ દ્વારા હાથ ઉપરના કેસમાં રજુ કરવામાં આવેલા મૌખિક પુરાવાઓ તથા સાહેદો દ્વારા પુરાવા દરમિયાન રજુ કરવામાં આવેલ દસ્તાવેજોનું વિવરણ તથા પુરાવાનું ક્રમશઃ મુલ્યાંકનઃ

**<u>વીજકંપનીના કર્મચારીઓના પુરાવાઓઃ</u>**

૯.) ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૧ ફરીયાદી મનીષકુમાર મુળજીભાઈ પરમારને આંક–૩૬** થી સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ

તેમના પુરાવામાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૧૮ માં તેઓ બરવાળા પી.જી.વી.સી.એલ. કચેરીમાં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા હતા. તા. ૧૬/૦૨/૨૦૧૮ ના રોજ પાળીયાદ ડીવીઝનના એચ.કે.ગઢારા તથા તેમની સાથેની ટીમે ખાંભડા ગામે જઈ પાંચાભાઈ રાજાભાઈ ભરવાડના ઘરે ચેકીંગ કરેલું અને તેઓ ડાયરેક્ટ વીજ ચોરી કરતા હોવાનું ચેકીંગ દરમ્યાન ખુલેલ હતું. આ અંગે તેઓએ ત્યાં પાંચાભાઈ રાજાભાઈના ઘરે ચેકીંગ કરી સ્થળ પર પંચ રોજકામ કરેલું, તેમજ એનેક્ષર–૪ ભરેલું અને ચેકીંગ શીટ તૈયાર કરેલ. ત્યારબાદ તેઓને સદરહુ દસ્તાવેજો સુપ્રત કરતા તેઓએ પાંચાભાઈ રાજાભાઈને પાવર ચોરી અંગેના નાણાં રૂ. ૨૬૭૫.૦૫ પૈસા ભરપાઈ કરવા માટે નોટીસ આપેલ. આ બાબતે તેઓએ જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન, ભાવનગરને નિયમ મુજબ ફરિયાદ આપેલ. સદરહુ સાહેદને ફરિયાદ બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૩૭ થી રજુ રાખેલ છે. તેમજ ફરિયાદ સાથે ચેકીંગ વખતના કેસ પેપર્સ પણ આપેલા. આ કામે પાંચાભાઈ રાજાભાઈ ભરવાડને પુરવણી બીલના નાણાં રૂ. ૨૬૭૫.૦૫ પૈસા ભરવા નોટીસ આપેલી. જે નોટીસ સદરહુ સાહેદને બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૩૮ થી રજુ રાખેલ છે. ત્યારબાદ આ કામે પાવર ચોરી અંગે કેલ્ક્યુલેશન શીટ તૈયાર કરવામાં આવેલ. સદરહુ સાહેદને કેલ્ક્યુલેશન શીટ બતાવતા, તેમાં બીલીંગ વિભાગના સિનિયર આસીસ્ટન્ટની અને પોતાની સહી ઓળખી બતાવી આંક–૩૯ થી રજુ રાખેલ છે. ત્યારબાદ આ કામે ચેકીંગ અધિકારીઓએ સ્થળ પર ચેકીંગ કરી તે અંગેનો અહેવાલ તેઓને સુપ્રત કરેલ. જે અહેવાલ તેઓને બતાવતા, તેમાં એચ.કે.ગઢારાની સહી તેમજ વીજ અધિનિયમ મુજબ કઈ કલમ મુજબ ગુનો ગણવો તે બાબતેની તેમની નોંધ અને તે લગત તેમની સહી ઓળખી બતાવી આંક–૪૦ થી રજુ રાખેલ છે.

ત્યારબાદ આ કામના આરોપીએ તા.૦૯/૦૯/૨૦૧૬ ના રોજ પણ આ જ પ્રકારનો વીજચોરીનો ગુનો આચરેલ હોય, તે અંગે પણ તેમની કચેરી તરફથી આરોપીને જે તે વખતે વીજચોરીના નાણાં ભરપાઈ કરવા માટે ફરિયાદ દાખલ કરવામાં આવેલ તેમજ તે અંગેનું પણ પુરવણી

બીલ રૂ. ૩૧,૦૫૬.૦૩ પૈસાનું આપવામાં આવેલું હતું.

→ જ્યારે બચાવપક્ષ તરફે થયેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, આ કામે ફરિયાદ આપ્યા સિવાય અન્ય કોઈ કામગીરી તેઓએ કરેલ નથી. તેઓએ કચેરીનું રેકર્ડ જોઈ ફરિયાદ આપેલી. તેઓ સ્થળ પર કોઈ ચેકીંગ કરવા ગયેલ નહી. તેઓએ તેમની ફરિયાદમાં "એચ.કે.ગઢારા તથા તેમની સાથેની ટીમે ખાંભડા ગામે જઈ પાંચાભાઈ રાજાભાઈ ભરવાડના ઘરે ચેકીંગ કરેલું" વાળી કોઈ હકીકત લખાવેલ નથી. આરોપીને નોટીસ મળ્યા બદલનો કોઈ પુરાવો તેઓએ રજુ કરેલ નથી. તેઓએ તેમની ફરિયાદમાં "આરોપીએ તા. ૦૯/૦૯/૨૦૧૬ ના રોજ પણ આ જ પ્રકારનો વીજચોરીનો ગુનો આચરેલ" હોવાની કોઈ હકીકત લખાવેલ નથી. તેઓએ સદર ગુનાની કોઈ અલગથી ફરિયાદ કરેલ નથી. હાલના ગુનાના કામે કોઈ વિડીયોગ્રાફી કરવામાં આવેલ નથી કે તેવી કોઈ વિડીયોગ્રાફી રજુ રાખવામાં આવેલ નથી. હાલના ગુનાના કામે પાડવામાં આવેલ ફોટોગ્રાફ્સ સંબંધેના કોઈ સર્ટીફીકેટ રજુ રાખવામાં આવેલ નથી. આ કામે રજુ રાખવામાં આવેલ ચેકીંગ શીટમાં આરોપીની કોઈ સહી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રેકર્ડ જોતા ગ્રાહકે સહી કરવાની ના પાડેલ હોવાનું જણાય છે. ગ્રાહકે સહી કરવાની ના પાડતા તે બાબતે કોઈ પંચનામુ કરવામાં આવેલું કે કેમ તે તેઓ ન કહી શકે. આ કામે આરોપીના મકાનનો દસ્તાવેજ કે તે સંબંધી કોઈ પુરાવો મેળવી રજુ રાખેલ નથી. ચેકીંગ ટીમે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નહી. તેઓ ફરિયાદ આપ્યા પહેલા અને બાદ ચેકીંગવાળા સ્થળે ગયેલ નથી. તેઓએ રેકર્ડના આધારે જુબાની આપેલ છે. અગાઉની ફરિયાદનો ઉલ્લેખ તેઓએ રેકર્ડના આધારે કરેલ છે. ફરિયાદ આપવા તેઓને અધિકૃત કરવામાં આવેલ હોવાનો કોઈ કચેરી આદેશ આ કામે રજુ કરેલ નથી. તેઓ હોદ્દાની રૂએ ફરિયાદ દાખલ કરવા અધિકૃત છે. તેઓ આ હકીકત ઈલેક્ટ્રીસીટી એક્ટ અને સપ્લાય કોડના આધારે જણાવે છે.

**૧૦.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૨ હિતેશભાઈ કરશનભાઈ ગડારાને આંક-૪૪ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં

જણાવેલ છે કે, તા. ૧૬/૧૨/૨૦૧૮ ના રોજ તેઓ બરવાળા સબ ડીવીઝનના કાર્યક્ષેત્ર હેઠળ આવેલ ખાંભડા ગામમાં તેમના ઉપરી અધિકારીશ્રીની મૌખીક સુચના મુજબ વીજ ચેકીંગ માટે તેઓ તથા લાઈન સ્ટાફના જતીનભાઈ વાલોદરા ગયેલ હતા. તેઓ બંને પાંચાભાઈ રાજાભાઈ ભરવાડના ઘરે વીજ ચેકીંગ માટે ગયેલ હતા. તેઓએ આ ઘરમાં જોયું તો પાંચાભાઈ રાજાભાઈ ભરવાડ તેમના ઘર પરથી બાજુમાં આવેલ વીજ પોલ પર આશરે આઠ મીટરનો પીળા કલરનો વીજ વાયર જોઈન્ટ કરીને ડાયરેક્ટ પાવર વપરાશ કરી પાવર ચોરી કરતા હતા. આ અંગે તેઓએ તેમના ઘરમાં જોતા એક પંખો, ત્રણ લેમ્પ અને એક ટ્યુબ લાઈટનો વપરાશ કરતા હતા. આ વીજ ચેકીંગ કરતી વખતે પાંચાભાઈ રાજાભાઈ ભરવાડ હાજર હતા. આ બાબતે તેઓએ સ્થળ પર ચેકીંગ શીટ ભરેલી તેમજ સ્થળ રોજકામ કરેલ, નકશો દોરેલ અને ફોટોગ્રાફી કરેલ. આ અંગે તેઓએ પાંચાભાઈને સ્થળ રોજકામ વિગેરેમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરવાની ના પાડેલ. સદરહુ સાહેદને તપાસણી અહેવાલ બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૪૦ થી રજુ રાખેલ છે. ત્યારબાદ સદરહુ સાહેદને સ્થળ પરનું રોજકામ બતાવતા, તેમાં પોતાની તથા જે.એલ.વાલોદરાની સહી ઓળખી બતાવી આંક–૪૫ થી રજુ રાખેલ છે. હાલના આરોપીએ આ અગાઉ પણ પાવર ચોરી કરેલ હોવાનું ધ્યાનમાં આવેલું. આ બનાવની તેઓએ બરવાળા ડીવીઝનમાં જાણ કરેલી અને ચેકીંગ સંબંધી તમામ કેસ પેપર્સ ત્યાં જમા કરાવેલા. પાંચાભાઈને ઘણો સમય થઈ ગયેલ હોય, ઓળખી શકે નહી.

→ જ્યારે બચાવપક્ષ તરફે થયેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, વીજ ચેકીંગ કરતી વખતે તેમના ઉપરી અધિકારીશ્રીએ તેઓને વીજ ચેકીંગ કરવા અધિકૃત કરેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. આંક–૪૫ માં કોઈ પંચોની સહીઓ લેવામાં આવેલ નથી. તેઓએ આ કામે કોઈ ઉપકરણ કબજે લીધેલ નથી. તેઓએ જે જગ્યાએ ચેકીંગ કરેલ તે જગ્યાની માલિકીનો આધાર પુરાવો કબજે લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આધાર કાર્ડ લીધેલું. આવું કોઈ આધાર કાર્ડ આ કામે રજુ રાખેલ નથી. આંક–૪૦ માં પાંચાભાઈની સહી લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ

જણાવે છે કે, તેઓએ સહી કરવાની ના પાડેલી.

**૧૧.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૩ જતીનભાઈ લક્ષમણભાઈ વાલોદરાને આંક–૪૭** થી સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, વર્ષ ૨૦૧૮ માં તેઓ તથા એચ.કે.ગઢારા નાયબ ઈજનેર, પાળીયાદ સબ ડીવીઝનનાઓની ડીવીઝન ઓફિસની સૂચનાથી બરવાળા સબ ડીવીઝન હેઠળના ગામોમાં વીજ ચેકીંગમાં હતા. તે દરમ્યાન ખાંભડા ગામે પાંચાભાઈ રાજાભાઈ ભરવાડના ઘરનું વીજ જોડાણ ચેક કરતા સદરહુ વ્યક્તિ પોતે વીજ ગ્રાહક ન હોવા છતાં પોતાના ઘરનું વીજ જોડાણ ગેરકાયદેસર રીતે નજીકના પોલ પરથી પીળા કલરનો કેબલ જોડી ડાયરેક્ટ જોડાણ કરી પાવર ચોરી કરતા હતા. આ અંગે તેઓએ તેમના ઘરમાં જોતા એક પંખો, ત્રણ લેમ્પ અને એક ટ્યુબ લાઈટનો વપરાશ કરતા હતા. આ વીજ ચેકીંગ કરતી વખતે પાંચાભાઈ રાજાભાઈ ભરવાડ હાજર હતા. આ બાબતે તેઓએ સ્થળ પર ચેકીંગ શીટ ભરેલી તેમજ સ્થળ રોજકામ કરેલ, નકશો દોરેલ અને ફોટોગ્રાફી કરેલ. આ અંગે તેઓએ પાંચાભાઈને સ્થળ રોજકામ વિગેરેમાં સહી કરવાનું કહેતા તેઓએ સહી કરવાની ના પાડેલ. સદરહુ સાહેદને તપાસણી અહેવાલ બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૪૦ થી રજુ રાખેલ છે. સદરહુ સાહેદને આંક–૪૫ વાળું સ્થળ પરનું રોજકામ બતાવતા, તેમાં તેમની તથા શ્રી ગઢારાની સહી ઓળખી બતાવી રજુ રાખેલ છે. આ બનાવની તેઓએ બરવાળા ડીવીઝનમાં જાણ કરેલી અને ચેકીંગ સંબંધી તમામ કેસ પેપર્સ ત્યાં જમા કરાવેલા. પાંચાભાઈને ઘણો સમય થઈ ગયેલ હોય, ઓળખી શકે નહીં.

→ જ્યારે બચાવપક્ષ તરફે થયેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, વીજ ચેકીંગ કરતી વખતે તેમના ઉપરી અધિકારીશ્રીએ તેઓને વીજ ચેકીંગ કરવા અધિકૃત કરેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવો આ કામે રજુ રાખેલ નથી. આંક–૪૫ માં કોઈ પંચોની સહીઓ લેવામાં આવેલ નથી. તેઓએ આ કામે કોઈ ઉપકરણ કબજે લીધેલ નથી. તેઓએ જે જગ્યાએ ચેકીંગ કરેલ તે જગ્યાની માલિકીનો આધાર પુરાવો કબજે લીધેલ નથી. આધાર કાર્ડ કબજે

લીધેલ કે કેમ તે હાલ તેઓને યાદ નથી. આંક–૪૦ માં પાંચાભાઈની સહી લીધેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, તેઓએ સહી કરવાની ના પાડેલી. ફોટોગ્રાફ્સ સંબંધે કોઈ સર્ટિફિકેટ રજુ કરેલ નથી. સહી કરવાની ના પાડેલ હોવાની જે હકીકત જણાવેલ છે તે સંબંધે તેઓએ ગામના અન્ય કોઈ લોકોને બોલાવી તે સંબંધે કોઈ પંચનામું કરેલ નથી.

**<u>તપાસ કરનાર અધિકારીનો પુરાવોઃ–</u>**

**૧૨.)** ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૩ તપાસ કરનાર અધિકારી ઈન્દ્રસિંહ ભગવતસિંહ વાઘેલાને આંક–૪૯ થી** સોગંદ ઉપર તપાસેલાં છે. તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તા.૧૬/૦૨/૨૦૧૮ ના રોજ તેઓ ભાવનગર જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશન ખાતે હેડ કોન્સ્ટેબલ તરીકે પોતાની ફરજ પર હતા, તે દરમ્યાન હાલના ગુનાની તપાસ એ.એસ.આઇ. શ્રી વાય.બી.કુરેશી નાઓને મળેલી, જેઓ હાલ હયાત નથી. સદરહુ સાહેદને તપાસ યાદી બતાવતા, તેમાં શ્રી કુરેશીની સહી ઓળખી બતાવી આંક–૫૦ થી રજુ રાખેલ છે. ત્યારબાદ સદર ગુનાની તપાસ તેઓને સોંપવામાં આવેલી અને તપાસના કામે તેઓને ફરિયાદીની ફરિયાદ તેમજ ચેકીંગ શીટ, એનેક્ષર–૪, પંચ રોજકામ વિગેરે મળેલ. તપાસના કામે તેઓએ લાગતા–વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા. ત્યારબાદ આ કામે આરોપી પાંચાભાઈ રાજાભાઈને તપાસના કામે સી.આર.પી.સી. કલમ–૪૧(૧) ની નોટીસ આપી, તેઓની પૂછપરછ કરેલ. જે નોટીસ સદરહુ સાહેદને બતાવતા, તેમાં તેમની સહી ઓળખી બતાવી આંક–૫૧ થી રજુ રાખેલ છે. ત્યારબાદ તપાસના કામે આરોપીનો આ બીજો ગુનો હોવાનું ખૂલેલ હતું અને અગાઉની પાવર ચોરીના કાગળો તપાસના કામે સામેલ રાખેલ. સદરહુ સાહેદને તે કાગળો બતાવતા, તેમાં સહી ઓળખી બતાવી અનુક્રમે આંક–૫૨ થી ૫૫ થી રજુ રાખેલ છે. ત્યારબાદ આરોપી વિરૂદ્ધ પૂરતો પુરાવો હોય, ચાર્જશીટ કરેલ. તેઓ આરોપીને ઓળખે છે.

→ જ્યારે બચાવપક્ષ તરફે થયેલ ઉલટતપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તેઓએ તપાસના કામે આરોપીને અટક કર્યાનો કોઈ કાગળ હાલના

કામે રજુ કરેલ નથી. તેઓએ બનાવવાળી જગ્યાનું કોઈ પંચનામું કરેલ નથી. તેઓએ અગાઉની ફરિયાદના સાહેદોના નિવેદનો લીધેલ નથી. તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. તપાસના કામે આરોપીનો રહેણાંકનો પુરાવો કબજે લીધેલ નથી. સ્થળપરના રોજકામમાં આરોપીની કોઈ સહી લેવામાં આવેલ નથી. તેઓએ તપાસના કામે કોઈ મુદ્દામાલ કબજે કરેલ નથી. આંક–૩૭ ના પેરા નં. ૬ માં ચેકીંગ તા. ૦૯/૦૬/૨૦૧૬ લખેલ છે અને બીજી ફરિયાદમાં તા. ૦૯/૦૯/૨૦૧૬ લખેલ છે, તે બાબતે તેઓએ કોઈ ચોકસાઈ કરેલ નથી.

## –: મુલ્યાંકન :–

**૧૩.)** ફરિયાદપક્ષ તરફે ઉપર મુજબના તમામ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. જેઓનો સોગંદ ઉપરનો પુરાવો વંચાણે લેતાં સ્પષ્ટ થાય છે કે, તે પૈકી પી.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ અને તપાસ કરનાર અધિકારી કે જેઓ સરકારી કર્મચારી છે, તેઓએ પોતાની ફરજના ભાગરૂપે ગુનાવાળી જગ્યા ઉપર જઈ વીજ ચેકીંગની કામગીરી કરેલી. તેઓના જણાવ્યા અનુસાર, તા. ૧૬/૦૨/૨૦૧૮ ના રોજ પાળીયાદ ડીવીઝનના નાયબ ઈજનેર એચ.કે.ગઢારા તથા લાઈન સ્ટાફના જતીનભાઈ વાલોદરા વિગેરેની ટીમે ખાંભડા ગામે જઈ આરોપીના ઘરનું વીજ જોડાણ ચેક કરતા, સદરહુ વ્યક્તિ પોતે વીજ ગ્રાહક ન હોવા છતાં પોતાના ઘર પરથી બાજુમાં આવેલ વીજ પોલ પર આશરે આઠ મીટરનો પીળા કલરનો વીજ વાયર જોઈન્ટ કરીને ગેરકાયદેસર રીતે ડાયરેક્ટ પાવર વપરાશ કરી પાવર ચોરી કરતા મળી આવેલા. ચેકીંગ વખતે આરોપી સ્થળ પર હાજર હતા અને ઘરમાં એક પંખો, ત્રણ લેમ્પ અને એક ટ્યુબ લાઈટનો વપરાશ ચાલુ હતો. આ અંગે અધિકારીઓએ સ્થળ પર ચેકીંગ શીટ અને સ્થળ રોજકામ તૈયાર કરી તેમાં પોતાની સહીઓ કરેલી, પરંતુ આરોપીને સહી કરવાનું કહેતા તેઓએ સહી કરવાની ના પાડેલી. ત્યારબાદ આરોપીને પાવર ચોરી અંગેના પુરવણી બિલના નાણાં રૂ. ૨૬૭૫.૦૫ પૈસા ભરપાઈ કરવા માટે નોટીસ આપેલી અને નિયમ મુજબ ભાવનગર જી.યુ.વી.એન.એલ. પોલીસ સ્ટેશનમાં લેખિત

ફરિયાદ આપેલી.

તપાસ કરનાર અધિકારીના પુરાવા અનુસારતેઓએ સદર ગુનાની તપાસ ના કામે સાહેદોના નિવેદનો નોંધેલા અને આરોપીને સી.આર.પી.સી. કલમ-૪૧(૧) ની નોટીસ આપી પૂછપરછ કરેલી. આ તપાસ દરમિયાન આરોપીએ અગાઉ તા. ૦૯/૦૯/૨૦૧૬ ના રોજ પણ આ જ પ્રકારનો વીજચોરીનો ગુનો આચરેલ હોવાનું ખૂલતાં તે કાગળો આંક-પર થી પપ થી સામેલ રાખી આરોપી વિરૂદ્ધ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ છે. પરંતુ ઉપરોક્ત સાહેદો, કે જેઓ ફરિયાદપક્ષના અતિ મહત્વના સાહેદો છે તેઓની ઉલટતપાસ ધ્યાને લેતાં, આ કામના ફરિયાદી પોતે સ્વીકારે છે કે તેઓ કચેરીનું રેકર્ડ જોઈને ફરિયાદ આપે છે અને પોતે સ્થળ પર ચેકીંગ કરવા ગયેલ નથી તેમજ તેઓની મૂળ ફરિયાદમાં ચેકીંગ ટીમના સભ્યો કે ચેકીંગની હકીકત લખાવેલ નથી. વળી, ચેકીંગ કરનાર સાહેદ હિતેશભાઈ કરશનભાઈ ગડારાનાઓએ સ્વીકારેલ છે કે વીજ ચેકીંગ કરવા માટે તેઓને અધિકૃત કર્યાનો કોઈ કચેરી આદેશ કે લેખિત પુરાવો આ કામે રજુ રાખેલ નથી, તેમજ રોજકામમાં કોઈ સ્વતંત્ર પંચોની સહીઓ લેવામાં આવેલ નથી. આરોપીએ સહી કરવાની ના પાડી હોવા છતાં તે બાબતનું કોઈ અલગ પંચનામું કરવામાં આવેલ નથી કે ગામના અન્ય કોઈ લોકોને બોલાવવામાં આવેલા નથી. વિશેષમાં, ફરિયાદપક્ષના સાહેદોએ સ્થળ પરથી પાવર ચોરીમાં વપરાયેલ પીળા કલરનો વાયર કે અન્ય કોઈ પણ ઉપકરણ મુદ્દામાલ તરીકે કબજે લીધેલ નથી. વધુમાં, વીજચોરીના સ્થળ તરીકે જે ઘરનો ઉલ્લેખ છે, તે જગ્યા આરોપીની માલિકી કે કબજા-ભોગવટાની જ છે તેવું દર્શાવતો કોઈ પણ દસ્તાવેજી પુરાવો કે મહેસૂલી રેકર્ડ ફરિયાદી, સાહેદો કે તપાસ કરનાર અમલદાર દ્વારા મેળવીને રજુ રાખવામાં આવેલ નથી.

**૧૪.)** વધુમાં આ કામે બનાવ સમયે આરોપી ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા હતા, તે અંગે આરોપીના રહેણાંકની માલિકી અંગેના પુરાવા પણ મેળવવામાં આવેલા નથી. જે બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના **જગદીશભાઈ ભગવાનભાઈ સોલંકી વિરૂદ્ધ ગુજરાત રાજ્ય**

**[લોઝ(જી.જે.એચ.)૨૦૦૭–૧૨–૨૦૦]** ના ચુકાદા ઉપર આધાર રાખવામાં આવેલ છે. સદરહુ ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ, બનાવવાળી જગ્યા આરોપીની માલિકીની કે કબજા ભોગવટાની હોય તેવા કોઈ પુરાવા રજુ થયેલા ન હોય તેવા સંજોગોમાં માલિકીના પુરાવાના અભાવે વીજચોરીનો ગુનો બનતો નથી તેવું ઠરાવવામાં આવેલું.

હાલના કામે જોવામાં આવે તો ફરિયાદી તેમજ અન્ય સાહેદો અને તપાસ કરનાર અમલદારનો સોગંદ ઉપરનો પુરાવો અને ઉલટતપાસ જોતાં તેઓએ બનાવવાળી જગ્યા આરોપીની માલિકીની હોય તે અંગેનો કોઈ પુરાવો મેળવેલો નથી કે રજુ કરેલો નથી તેવું સ્પષ્ટપણે કબુલ રાખેલ છે. આમ, ઉપરોક્ત ચુકાદા અનુસાર બનાવવાળી જગ્યા એ આરોપીની હોવા અંગે માલિકીનો કોઈ આધાર–પુરાવો ફરિયાદપક્ષ તરફે રજુ કરવામાં આવેલ ન હોય, તેનો કાનૂની લાભ આરોપીને મળવાને પાત્ર રહે છે. વળી, તપાસ કરનાર અમલદાર દ્વારા આ કામે પી.જી.વી.સી.એલ.ના ઉપકરણો ચાલુ હાલતમાં હતાં કે કેમ તે અંગે કોઈ નિષ્ણાતનો અભિપ્રાય મેળવેલો નથી, કોઈ વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફ્સ સંબંધેના જરૂરી કાનૂની સર્ટિફિકેટ રજુ રાખેલ નથી, તેમજ તપાસ દરમિયાન પી.જી.વી.સી.એલ.ના કર્મચારીઓ સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો પણ નોંધેલા નથી. ઉપરાંત, આંક–૩૭ વાળી ફરિયાદમાં અગાઉના ચેકીંગની તારીખ ૦૯/૦૬/૨૦૧૬ લખેલ છે જ્યારે બીજી ફરિયાદમાં તારીખ ૦૯/૦૯/૨૦૧૬ લખેલ છે, જે તારીખોના વિરોધાભાસ બાબતે પણ તપાસ કરનાર અધિકારીએ કોઈ ચોકસાઈ કરેલ નથી. આમ, આરોપીને ત્યાં કેવા કારણોસર, કેવી રીતે અને ક્યા આધારભૂત પુરાવાના આધારે રેડ કરવામાં આવી અને તે મકાન આરોપીનું જ છે, તે હકીકત શંકાથી પર સાબિત કરવામાં ફરિયાદપક્ષ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડેલ છે. પરિણામે, ઉપરોક્ત પ્રસ્થાપિત કરેલા કાનૂની સિદ્ધાંત સાથે સહમત થઈ શકાય છે અને તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે તેવું નમ્રપણે માનવું છે.

**૧૫.)** ફોજદારી કાયદાનો સર્વસામાન્ય સિધ્ધાંત છે કે, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવો જોઇએ. આમ, ઉપરોક્ત તમામ

કારણોસર ફરીયાદપક્ષનો કેસ શંકાસ્પદ જણાઈ આવતો હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં. ૨ પરત્વે આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

**૧.)** આરોપી **પાંચાભાઈ રાજાભાઈ ભરવાડ,** રહે. ખાંભડા, તા.બરવાળા, જી.બોટાદ ને ભાવનગર P.G.V.C.L. સેકન્ડ ગુના રજી. નં. ૧૩૬૨/૧૮ ના કામે ધી ઈલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ ની કલમ-૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૩૫(૧) મુજબ શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૭(એ) મુજબ રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો એક સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો ભરી આપવાનો રહેશે.

હુકમ આજ તા. ૨૪ મી, માહે-જુલાઈ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા. ૨૪-૦૭-૨૦૨૬
બોટાદ

**(એમ.જે.પરાશર)**
સત્ર ન્યાયાધીશ
તા.જી. બોટાદ
**જી જે -૦૦૪૬૩**